### સલામત મુસાફરીની પોકળતાનો પર્દાફાશ

# પાલનપુર રેલવે સ્ટેશને ટ્રેનમાંથી ચીલઝડપ

### બ્રાન્દ્રા-ચંડીગઢ ટ્રેનમાંથી રૂપિયા ૭૨,૦૦૦ના મુદ્દામાલની ચોરી

પાલનપુર

પાલનપુર રેલવે સ્ટેશને બ્રાન્દ્રા- ચંડીગઢ ટ્રેનમાં મુસાફરો સાથે થયેલી લૂંટ કેસમાં નવો વળાંક આવ્યો છે. પાલનપુર રેલવે પોલીસ લૂંટ થયાનો ઈન્કાર કરતા ચીલઝડપ થઈ હોવાનું જણાવી રહી છે. પોલીસનું માનીએ તો, ચાલુ ટ્રેને બહારથી અજાણ્યા શખ્સોએ બારીમાં હાથ નાંખી એક મુસાફરના ગળામાંથી સોનાની ચેઈન તેમજ બે મહિલાઓના પાકીટ ચોરીને ફરાર થઈ ગયા હતા. આ અંગે પાલનપુર રેલવે પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે ચોરીનો ગૂનો નોંધી અજાણ્યા શખ્સોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

બાંદ્રા- ચંડીગઢ ટ્રેન પાલનપુર રેલવે સ્ટેશને આવી હતી. જ્યાંથી આબુરોડ તરફ ઉપડી ત્યારે ચાલુ ટ્રેને અજાણ્યા શખ્સોએ બારી પાસે બેઠેલા મુળ હરિયાણાના નાગનોર ગામના અને વર્તમાન સમયે મુંબઈ ખાતે રહેતા શાંતિલાલ ગણપતરામ દાયમાના ગળામાંથી સોનાની ચેઈન ખેંચી લીધી હતી. આ ઉપરાંત બે મહિલા મુસાફરોના મોબાઈલ ફોન, ચાર્જર, રોકડા રૂપિયા ૧૨,૦૦૦, ચાંદીની દસ ગ્રામનો સિક્કો, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, એટીએમ કાર્ડ ભરેલા બે પર્સની પણ ચોરી કરી હતી. અજાણ્યા તસ્કરો કુલ રૂપિયા ૭૨,૦૦૦નો મુદ્દામાલ ચોરીને નાસી છુટ્યા હતા. આ અંગે શાંતિલાલ દાયમાએ પાલનપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા શખ્સો સામે ગૂનો નોંધી તેમને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**મુસાફરોએ ચેઈન પુલીંગ કર્યુ હતુ : પી. એસ. આઈ.**

પાલનપુર રેલવે સ્ટેશને ચાલુ ટ્રેનમાં બારીમાંથી હાથ નાંખીને તસ્કરોએ ત્રણ મુસાફરો પાસેથી સોનાની ચેઈન, પાકિટની ચોરી કરી હતી. આ ઘટનાને પગલે મુસાફરોએ ચેઈન પુલીંગ કરી પોલીસને જાણ કરી હતી. તસ્કરોને ઝડપી લેવા માટે ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. જોકે, મુસાફરોમાં ચર્ચાતી વિગતો મુજબ, લૂંટ કરી આરોપીઓ ચેન પુલિંગ કરી ફરાર થઈ ગયા હતા. જેને રેલવે પોલીસે રદિયો આપ્યો હતો.

# અરવલ્લી જીલ્લા આરોગ્યતંત્ર નબળું કે મચ્છર સબળો..?

### પ્રજાજનો ડેન્ગ્યુ, મેલેરિયા, વાઈરલ તાવ અને ટાઇફોઇડ રોજના સંખ્યાબંધ કેસોમાં સપડાઈ રહ્યા છે : ખાનગી અને સરકારી દવાખાના ઉભરાવવા છતાં ડેન્ગ્યુના માત્ર ૪૫ જ કેસ નોંધાયા

મોડાસા, તા. ૨૧

મેઘરજ, મોડાસા સહીત અરવલ્લી જીલ્લામાં છેલ્લા થોડા દિવસોથી વાઈરલ તાવ, ડેન્ગ્યુ, મેલેરિયા અને પાણીજન્ય રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. તંત્ર આ રોગચાળા સામે પ્રજા રક્ષણમાં લાખ્ખો રૂપિયાના ખર્ચ છતાં નબળું પડતું હોય તેમ લાગે છે. જાણે બીમારીના ઘેર ઘેર ખાટલા મંડાયા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા જે આંકડા અપાય છે તે વાસ્તવિકતાથી તદન મામૂલી હોય તેમ લાગી રહ્યું છે. જીલ્લાની ખાનગી હોસ્પિટલોમાં છેલ્લા ત્રણ દિવસમાં ડેન્ગ્યુના રોજના ૨૦ થી ૩૦ કેસ રિએક્ટિવ મળી રહે છે, બીજીબાજુ આરોગ્ય વિભાગના ચોપડે ૪૫ જેટાલાં જ ડેન્ગ્યુના કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો દ્વારા માહિતી મળતા જીલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ જીલ્લાના પ્રજાજનોની બીમારીના સાચા આંકડાનો ચિતાર રજુ કરવાથી દૂર ભાગી રહ્યું છે અથવા ઢાંકપિછોડો કરી રહ્યું હોય તેવું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે.



અરવલ્લી જીલ્લામાં સ્વાઈન ફ્લુએ આરામ લીધો છે, બીજી બાજુ ઝીકા વાઈરસનો ખતરો મંડરાઈ રહ્યો છે ત્યારે ડેન્ગ્યુ એ નામની બીમારીએ જીલ્લાવાસીઓને અજગરી ભરડામાં લેતા જીલ્લા આરોગ્યતંત્રના સર્વેની કામગીરીના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. સરકારી અને ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે, દરમિયાન જીલ્લામાં સરકારી આરોગ્ય વિભાગ અને મ્યુ.કોર્પો.નો આરોગ્ય વિભાગ નિયમ મુજબ કામગીરી કરતો હોવાનો રિપોર્ટ તો સરકારને આપે છે પરંતુ વાસ્તવિક રીતે તેની કામગીરીની ફલશ્રુતિ ક્યાંય જોવા મળતી નથી જેના લીધે રોગચાળો સર્વત્ર ફેલાયો હોય તેમ લાગે છે.

**છેલ્લા સમયથી સ્વાઈન ફલુનો એક પણ કેસ ન નોંધાતા તંત્રને હાશકારો**

અરવલ્લી જીલ્લામાં સ્વાઈન ફ્લૂથી ૩ લોકોના મોત થયા હતા અને ૧૦થી વધુ સ્વાઈન ફ્લુના દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. છેલ્લા દસ દિવસથી વધુ સમયથી સ્વાઈનફલુનો એક પણ દર્દી ન મળી આવતા આરોગ્ય વિભાગે રાહતનો શ્વાસ લીધો હતો.

## શક્તિ પીઠ અંબાજીમાં રાધા-કૃષ્ણ મંદિરમાં યોજાયો ગરબા મહોત્સવ



અંબાજી

શક્તિ ,ભક્તિ અને આસ્થા નો ત્રિવેણી સંગમ એટલે શક્તિપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાન બોર્ડર પાસે આવેલુ છે હાલમા નવરાત્રી પર્વ પૂર્ણ થયો છે ત્યારે અંબાજી માનસરોવર પાસે આવેલા રાધા કૃષ્ણ મંદિરમા આજે રાત્રે ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં જે બાળકો નવરાત્રીના નવ દિવસ સારા ગરબા રમ્યા હતા તેમને આજે દસમના દિવસે ગરબા અને રાસ ગરબાનો કાર્યક્રમ યોજી આજે વિજેતા બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા, મીડિયાના મિત્રો અને આ કાર્યક્રમમાં ફાળો આપનારા લોકોનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અગ્રવાલ સમાજ અને તમામ સમાજ એ મોટો ફાળો આપ્યો હતો. જેમા રિતિક સરગરા, દેવેન્દ્ર અગ્રવાલ, સુભાષ અગ્રવાલ, સંજય અગ્રવાલ અને સંદીપ અગ્રવાલએ ફાળો આપ્યો હતો.

## એકતા યાત્રા ધનસુરા તાલુકાના બુટાલ ગામે પહોચી : ભવ્ય સ્વાગત

ધનસુરા

એકતા યાત્રા ધનસુરા તાલુકાના બુટાલ ગામે પહોચી હતી જ્યાં લોકોએ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટિનું લોકાર્પણ છે. આ પૂર્વે સરદાર સાહેબનો એકતા અખંડડીતતાના સંદેશને ગામે ગામ લોકો સુધી પહોંચાડવા માટે આ એકતા યાત્રા શરુ કરાઈ છે. આ યાત્રા આજે ધનસુરા તાલુકાના બુટાલ ગામે પહોંચી હતી.

આ કાર્યક્રમમાં અરવલ્લી, જિલ્લા ભાજપ મહામંત્રી એસ. એમ. ખાંટ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, પ્રભારી ભુપતસિંહ સોલંકી, ધનસુરા તાલુકા ભાજપ પ્રમુખ રૂમાલસિંહ પરમાર, ધનસુરા તાલુકા ભાજપ મહામંત્રી વિનુભાઈ પટેલ, ધનસુરા તાલુકા મંત્રી રણજીતસિંહ ઝાલા, જિલ્લા પોલીસ સલાહકાર માનસિંહ અમરસિંહ મકવાણા, બુટાલ સરપંચ કાન્તિભાઈ પરમાર, ચંદુભાઈ ડાભી સહિત ગામના અગ્રણીઓ, શાળાના શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સંભારણા દિને શહીદોને સલામી અપાઈ





હિંમતનગર, તા. ૨૧

ભારત દેશમાં જે ફરજ દરમિયાન દેશમાં સક્રિય ફરજ દરમિયાન શહીદ થયેલ પોલીસ અધિકારી કર્મચારીઓની યાદમાં આજના દિન એટલે ૨૧ ઓક્ટોમ્બરને રવિવારે સંભારણા દિવસ તરીકે મનાવવામાં આવે છે. આજના દિવસે જીલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલિક, નાયબ પોલીસ વડા બી.સી. બારોટ, મીનાક્ષી પટેલ, એલસીબી પીઆઈ વી.આર. ચાવડા, એસઓજી પીઆઈ એમ.ડી. ઉપાધ્યાય સહીત અધિકારીઓ અને પોલીસ કોન્સ્ટેબલોએ હિંમતનગર પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે બનાવેલ શહીદ સ્મારક પર પુષ્પાજંલી અર્પી હતી. જે શહીદ થયેલા પોલીસના કર્મચારીઓ અને અધિકારીઓને યાદ કરવામાં આવ્યા હતા અને બ્યુગલ સાથે માથું ઝુકાવી શહીદોને સલામી આપવામાં આવી હતી. શહીદો માટે ફાળો પણ એકઠો કરવામાં આવ્યો હતો.

## ખેડબ્રહ્મા તાલુકાના શ્યામનાગર ખાતે ગરબા મહોત્સવ યોજાયો



ખેડબ્રહ્મા, તા. ૨૧

વડાલી સત્તાવીસ સુથાર સમાજ પ્રેરિત ખેડબ્રહ્મા સુથાર યુવા ગ્રુપ દ્વારા વિશ્વકર્મા ધામ, શ્યામનાગર ખાતે એક દિવસીય ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સમાજના પ્રમુખ પરસોત્તામદાસ સુથાર અને શંકરલાલ સુથાર સહિત સમાજના અગ્રણીઓ દીપ પ્રાગટ્ય કર્યું હતું. ડીજેના તાલે સમાજના મહિલા, પુરુષો અને નાના બાળકોએ ગરબાની રમઝટ માણી હતી. ગરબા બાદ દાનવીર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને ઈનામી ડ્રો અને લાણીનું વિતરણ કરવમાં આવ્યું હતું એક દિવસીય ગરબા મહોત્સવને સફળ બનાવવા યુવા ગ્રુપના મિત્રોએ પ્રકાશભાઈ, યોગેશભાઈ, નિરવભાઈ, જનકભાઈ, જયંતીભાઈ સહિતના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## અરવલ્લી જીલ્લા એલસીબીએ બાઈક ઉપર હેરા-ફેરી થતો ઈગ્લીશ દારૂ ઝડપી પાડ્યો

મેઘરજ, તા. ૨૧

મેઘરજ તાલુકામાં ઉન્ડવા બોર્ડર અને કાલીયાકુવા બોર્ડર જે રાજસ્થાન સરહદો આવેલી છે જેમાં ઉન્ડવા બોર્ડરથી ગુજરાતમાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ છે જે ગેરકાયદેર ધંધાઓની હેરાફેરી આ માર્ગે થાય છે. જેમાં બુટલેગરોએ હવે તંત્રની રહેમ નજર હેઠળ નવો તુક્કો અજમાયો છે. તાલુકામાં ૧૦૦થી વધારે મોટર સાયકલો ઉપર ઈગ્લીશ દારૂની હેરાફેરી થાય છે. રાત્રી દરમ્યાન મોટર સાયકલો આગળ ઉન્ડવા ચેકપોસ્ટ નજીકથી બોલેરો જીપ પેટ્રોલીંગમાં આગળ ચાલે છે અને પાછળ મોટરસાયકલો દારૂનો જથ્થો ભરી જાય છે.

ત્યારે છેલ્લા એક અઠવાડીયાથી અરવલ્લી જીલ્લા એલ.સી.બી.એ આવા તત્વો સામે લાલ આંખ કરી મેઘરજ તાલુકામાં લીંબોદ્રા ઢુંઢા નજીક વોચ ગોઠવી હતી. તેવામાં એક મોટરસાયકલ આવતાં પોલીસે ઉભી રાખવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ મોટરસાયકલ ચાલક અને સવાર એમ બંન્ને ઈસમો તેનુ મોટરસાયકલ પાછુ વાળી ભાગ્યો હતો. પોલીસે પીછો કરતાં મોરસાયકલ સવાર બંન્ને ઈસમો મોટરસાયકલ મુકી ભાગી ગયા હતા. પોલીસે મોટર સાયકલ ઉપરના થેલામાં તપાસ કરતાં ઈગ્લીશ દારૂના ક્વાટરીયા અને બીયર કુલ મળી નંગ. ૪૨૨ જેની કીંમત રૂ. ૨૮૨૦૦ તેમજ મોટર સાયકલ જીજે.૦૯. સીએન. ૮૯૪૭ જેની કિ. રૂ. ૩૦,૦૦૦ કુલ મળી રૂ. ૫૮૨૦૦ના મુદ્દામાલ મુકી ભાગી ગયેલા બંન્ને ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઢુંઢર દુષ્કર્મ કેસમાં ઉશ્કેરણીજનક પોસ્ટ કરનાર ૨ શખ્સોની ધરપકડ

### પરપ્રાંતીયો સામે સોશ્યલ મીડિયામાં ઉશ્કેરણીજનક વિડિઓ અને ફોટો વાઈરલ ભારે પડ્યું : અરવલ્લી જીલ્લા એસઓજી પોલીસ દ્વારા ૨ શખ્સોની ધરપકડ

મોડાસા, તા. ૨૧

સાબરકાંઠાના ઢુંઢર ગામે સીરામીક કંપનીમાં નોકરી કરતા પરપ્રાંતીય યુવાને ૧૪ મહિનાની બાળકી પર દુષ્કર્મ આચરતા ભારે ચકચાર મચી હતી. આ ઘટના બાદ પરપ્રાંતીય લોકો સામે લોકોનો ભારે રોષ ફેલાયો હતો અને પરપ્રાંતીયોને હાંકી કાઢવા અને તેમની સામે ઝેર ઓકતા કેટલાક અસામાજિક તત્વોએ સોશ્યલ મીડિયામાં વિડિઓ અને ફોટા વાઈરલ કરતા રાજ્યમાં અને મુખ્યત્વે ઉત્તરગુજરાતમાં હિંસા ભડકી ઉઠતા રાજ્યસરકાર અને પોલીસતંત્ર દ્વારા હિંસાને ડામી દેવા ત્વરિત પગલાં ભરવાની સાથે સોશ્યલ મીડિયામાં પરપ્રાંતીયો વિરુદ્ધ ઝેર આંકતા વિડિઓ અને ફોટો ઉપલોડ કરવાની સાથે ફેલાવનાર શખ્સો સામે સાયબર ક્રાઈમ હેઠળ ગુન્હો નોંધી ધરપકડનો દોર શરુ કરતા હિંસાત્મક ઘટનાઓ કાબુમાં લેવામાં સફળતા મળી હતી. અરવલ્લી જીલ્લા એસઓજી પોલીસે આઈ ટી એક્ટ હેઠળ ગુન્હો નોંધાયેલ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ૨ શખ્સોની ધરપકડ કરવામાં સફળતા મળતા અમદાવાદ ડીસીબી પોલીસ સ્ટેશને સુપ્રત કર્યા હતા.

ઢુંઢર દુષ્કર્મ કેશમાં પરપ્રાંતીયો સામે ઉશ્કેરણીજનક પોસ્ટ, ફોટો અને વિડિઓ વાઈરલ કરનાર કિશનસિંહ મોહબતસિંહ ચૌહાણ રહે, ફતેપુરા (ડાભા) તા. બાયડ-અરવલ્લી તથા સંદીપસિંહ રાજેન્દ્રસિંહ સોલંકી રહે, બદારજીના મુવાડા તા. તલોદ-સાબરકાંઠા સામે અમદાવાદ શહેર ડીસીબી પોસ્ટે ધી આઈટી એક્ટ કલમ ૬૬ સી.૬૭ મુજબ ગુન્હો નોંધાતા અરવલ્લી જીલ્લા એસઓજી પી.આઈ. એ. આર. પટેલ, પીએસઆઈ એ. આર. પટેલ અને તેમની ટીમે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી વધુ તપાસ અર્થે અમદાવાદ ડીસીબી પોલીસ સ્ટેશને સુપરત કર્યા હતા.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી યાત્રા પ્રાંતિજ તાલુકાના ૪૦ ગામોમાં ફરશે

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવી પોહચેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી યાત્રા રથ પ્રાંતિજ તાલુકાના ૪૦ ગામોમાં ફરશે જેમાં પ્રથમ દિવસે પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ ૧૫ ગામોમાં યાત્રા ફરી હતી. બીજા દિવસે રવિવારના દિવસે પણ તાલુકા વિકાસ અધિકારીની આગેવાની હેઠળ દસ ગામમાં યાત્રા ફરી હતી. મામરોલી ખાતે યાત્રા રથનુ રાત્રી રોકાણ થયું હતું. ભાજપ સરકાર દ્વારા નર્મદા કોલોની ખાતે ૩૧મી ઓકટોબરના રોજ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ જયંતિના દિવસે તેમની પ્રતિમાનું અનાવરણ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થવાનું છે ત્યારે ગુજરાતમાં એકતા અને ભાઈચારાના સંદેશ સાથે એકતા રથનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓ સહિત તાલુકાઓ ગામડાઓમાં એક્તા રથનું આગમન થઈ રહ્યું છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના હડિયોલથી કુષિ મંત્રી કૌશિક પટેલના હસ્તે લીલી ઝંડી આપી આગમન કરાવેલ એકતા રથ પ્રાંતિજ સહિત પ્રાંતિજ તાલુકામાં આવેલા નાનામોટા ૪૦ જેટલા ગામડાઓમાં એકતા યાત્રા રથ નિકળેલ છે. જેમાં પ્રથમ દિવસે તા.૨૦-૧૦-૨૦૧૮ને શનિવારના રોજ પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ ૧૫ જેટલા ગામોમાં યાત્રા રથ ફર્યો હતો તો બીજા દિવસે તા.૨૧-૧૦-૨૦૧૮ને રવિવારના રોજ જાહેર રજાના દિવસે પણ એક્તા રથ પ્રાંતિજ તાલુકાના દસ જેટલા ગામોમાં ફર્યો હતો જેમાં સુખડ, સદાના મુવાડા, પુનાદરા, ઝાલાની મુવાડી, કેશરપુરા, બાલીસણા, ઉછા અને મામરોલી ખાતે એકતા રથનું રાત્રી રોકાણ થયું હતું. તાલુકા વિકાસ અધિકારી એચ. કાપડીયા દ્વારા રથની સાથે દરેક ગામોમાં હાજરી આપી હતી. ત્રીજા દિવસે ૨૩-૧૦-૨૦૧૮ને સોમવારના દિવસે ૧૫ જેટલા ગામોમાં ફરી એક્તાનો સંદેશો ફેલાવશે

## મોડાસામાં સામાજિક સમરસતા ગતિવિધિ પરિવાર દ્વારા "સામસ્ય યજ્ઞ" યોજાયો



મોડાસા, તા. ૨૧

સમગ્ર ભારતમાં જાતિવાદનું ધીમું ઝેર પ્રસરી રહ્યું છે. હિન્દુ સમાજમાં આકાર લઈ રહેલા જાતિવાદના દુષણને ડામવા અરવલ્લી જીલ્લા સામાજિક સમરસતા ગતિવિધિ પરિવાર દ્વારા મોડાસા શહેર ખાતે સહયોગ પેટ્રોલિયમ પરિસરમાં સામસ્ય યજ્ઞ યોજાયો હતો. જેમાં જીલ્લામાંથી ૨૫થી વધુ જાતિના પ્રજાજનો જોડાયા હતા. જાતિવાદના દુષણને સ્વાહા કરી પ્રતિજ્ઞા લીધી હતી અને ઉપસ્થિત રહેલ તમામ લોકોએ એક સમાજને અન્ય સમાજ પ્રત્યે વધી રહેલા વૈમનસ્યને ખતમ કરી સૌહાર્દયભર્યા સબંધો સ્થાપવા સમયાંતરે બેઠકો અને જાતિવાદી દુષણ ખત્મ કરવા વિવિધ સમજો સાથે રાખી સામુહિક કાર્યક્રમો કરવાનો નિર્ણય લીધો હતો. સામસ્ય યજ્ઞ આચાર્ય સચીનભાઈ પંડ્યા (રણાસણવાળા) એ જાતિવાદની આહુતિ આપી હતી. અરવલ્લી જીલ્લા સામાજિક સમરસતાના સંયોજક અને જાતિવાદી પ્રથા નાબુદી માટે સતત પ્રયત્નશીલ એવા ચંદ્રકાન્તભાઈ પટેલે "સામસ્ય યજ્ઞમાં" ઉપસ્થિત પ્રજાજનોને જાતિવાદી પ્રથાથી પર રહેવા ઉદબોધન કર્યું હતું, ત્યારબાદ પ્રજાજોને સામુહિક ભોજન પ્રસાદ આરોગ્યો હતો. આ પ્રસંગે જીલ્લા સામાજિક સમરસતાના હોદેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડાના રીંટોડા ત્રણ રસ્તા પાસેથી સી.એન.જી. રીક્ષામાંથી વિદેશી દારૂ પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન ઝડપાયો

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રીંટોડા ત્રણ રસ્તા પાસેથી સી.એન.જી. રીક્ષામાંથી વિદેશી દારૂ પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન ઝડપાયો હતો. રૂા.૩૬,૦૦૦/- નો વિદેશી દારૂ સહિત કુલ મુદ્દામાલ રૂા.૧,૮૬,૦૦૦/- નો ઝડપાયો છે. પોલીસે પ્રોહિબીશન ઍક્ટ મુજબ ગુનો નોંધી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ બુટલેગરો ઉપર પ્રોહિબિશન ઍક્ટ હેઠળ રેડો કરવા સુચના કરેલ છે. પોલીસ સ્ટેશન પી. એસ. આઈ. એમ. આર. સંગાડા સહિત પોલીસ સ્ટાફના પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે રીંટોડા ત્રણ રસ્તા નજીક હનુમાનજીના મંદીર પાસે પોલીસએ વોચ ગોઠવતાં સી. એન. જી. રીક્ષાની ડીકીમાં સંતાડેલો વિદેશી દારૂ પોલીસએ ઝડપી લીધો હતો. એજાજ મુમતાજભાઈ મીર, રહેવાસી. જમાલપુર, અમદાવાદના ઈસમે પાસ પરમીટ વગરનો પરપ્રાંતિય વિદેશી દારૂની હેરાફેરી દરમ્યાન પોલીસએ ઝડપી લીધો હતો. ભારતીય બનાવટની વિદેશી દારૂની ઓફીસર ચોઈસ પેટીઓ નંગ-૬ અને બોટલ નંગ-૭૨ કિંમત રૂા.૩૬,૦૦૦/- તેમજ સી. એન. જી. પીળા કલરની રીક્ષાની કિંમત



રૂા.૧,૫૦,૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૧,૮૬,૦૦૦/-નો ઝડપી વિદેશી દારૂની હેરાફેરી કરનાર ઈસમની ધરપકડ કરી પોલીસએ ધારા ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સ્ટેશન સબ ઈન્સપેક્ટર એમ. આર. સંગાડા વિદેશી દારૂની હેરાફેરી સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા છે. રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ ઘુસાડવામાં આવે છે. ગેરકાયદેસર વિદેશી દારૂની હેરાફેરીની પ્રવૃત્તીને નેસ્તનાબુદ કરવા માટે પોલીસને સુચના મળેલ છે. નાયબ પોલીસ મહાનિરિક્ષક, ગાંધીનગર વિભાગ, અરવલ્લી પોલીસ અધિક્ષક મયુર પાટીલની સુચના અનુસાર ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની હેરાફેરી કરતા ઈસમને ઝડપી લેવામાં ગણનાપાત્ર કેસ શોધવામાં ભિલોડા પોલીસને સફળતા મળેલ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સરહદી વિસ્તારના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલા વિવિધ ગ્રામ્ય વિસ્તારોના માર્ગો દેશી-વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરો માટે સ્વર્ગ સમાન પુરવાર થઈ રહ્યા છે. રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવા માટે વિવિધ માર્ગો ઉપરથી દેશી-વિદેશી દારૂની હેરાફેરી મોટા પાયે થાય છે. પોલીસએ વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે લાલઆંખ કરતાં બુટલેગરોમાં ભારે ભય વ્યાપ્યો છે.